**મે.બીજા એડી. ચીફ જયુડી.મેજી. સાહેબશ્રીની કોર્ટમાં,મું.મોરબી.**

**<u>ક્રિમીનલ કેસ નંબર : ૧૦૭૭૪/૨૦૨૫</u>**

**આંક:-**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિ રૂ ધ્ધ**

**આરોપીઓ : (૧)લક્ષ્મીનારાયણ દંગેશ(પ્રોપરાઈટર)**
**(લોડિંગ અંલોડીંગ એક્ટિવિટિના કોન્ટ્રાકટર)**

---

**ગુન્હો : લઘુતમ વેતન-૧૯૪૮-૨૬(ડી), ૨૬(૨)**
**લઘુતમ વેતન-અધિ-૧૯૪૮-કલમ-૨૨(એ)**

---

શ્રી સરકાર તરફે વિ એ પી પી શ્રી
આરોપીઓ તરફે વિ વ શ્રી

**<u>// ચુકાદો //</u>**

**(૧)** ફરિયાદ પક્ષ તરફથી આરોપી સામે **લઘુતમ વેતન-૧૯૪૮-૨૬(ડી), ૨૬(૨) લઘુતમ વેતન-અધિ-૧૯૪૮-કલમ-૨૨(એ)** મુજબના ગુનાની ફરિયાદ / ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે અને હાજર આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરી તેમના વિરુધ્ધના ગુનાની હકીકત વાંચી સંભળાવી ગુના સબબની પ્લી લેતા ઉપરોકત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવી, ગુનાની કબુલાત પુરસીસ આ કામે રજુ કરેલ છે.

**(૨)** સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આરોપીઓની ગુના કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ **<u>નટવરચંદ હરચંદજી ઠાકોર,૨૦૦૫(૧), જી.એલ.આર. પાના નંબર ૭૦૯</u>** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. સદર કામે આરોપીએ ગુનાની કબુલાત અંગે જે કારણો દર્શાવેલ છે તે જોતા આરોપી ગરીબ ઈસમ છે અને તેમના શિરે કુટુંબના ભરણપોષણની જવાબદારી છે, તેઓનો પ્રથમ ગુનો છે અને ફરીથી આવો ગુનો કરશે નહીં તેમ જણાવેલ છે અને આરોપીએ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે. કાયદાનો હેતુ

ગુનાને ડામવાનો છે, ગુનેગારને ડામવાનો નથી તથા ગુનેગારને સુધરવાની તક આપી સમાજમાં તેને ફરીથી સન્માનપૂર્વક જીવન મળે તેવો કાયદાનો હેતુ છે તથા ઉપરોકત ચુકાદા અનુસાર આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા માટેના પુરતા ગણી શકાય તેવા કારણો છે તેમ આ કોર્ટનું માનવું છે તેમજ આજરોજ સદર કામે આરોપીની કબુલાત તથા દયા અરજ ગ્રાહ્ય રાખી અને કાયદાની સજા કરવા પાછળનો સુધારાત્મક હેતુ ધ્યાને રાખી આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોઈ આથી નીચે મુજબ હુકમ કરુ છું.

**// હુકમ //**

હાલના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ – ૨૭૫ અન્વયે **લઘુતમ વેતન–૧૯૪૮–૨૬(ડી), ૨૬(૨) લઘુતમ વેતન–અધિ–૧૯૪૮–કલમ–૨૨(એ) હેઠળ શીક્ષાને પાત્ર ગુન્હા બદલ** તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને રૂપિયા **રૂા.૫,૦૦૦/–** (અંકે રુપીયા પાંચ હજાર પુરા) નો દંડ ફરમાવું છું અને જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરુ છું.

હુકમ આજરોજ તા.૧૪મી માંહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતના સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.:–૧૪/૦૩/૨૦૨૬ **(જે.જે.જોષી)**

સ્થળ:–મોરબી બીજા એડી. ચીફ જ્યુડી.મેજી.મોરબી.

//MRM// **CODE NO.**-GJ01271

ફોજદારીદંડપહોંચનં.................
તા.૧૪/૦૩/૨૦૨૬થીરૂા.**૫,૦૦૦/–**
અંકે રુપીયા– દસ હજાર પુરા વસુલ લીધા.

નાઝીર/આસીસ્ટન્ટ